Australian Human Rights Commission
everyone, everywhere, everyday

# ફરિયાદ કરવી

ઓસ્ટ્રેલિયન માનવ અધિકાર પંચ એક સ્વતંત્ર સંસ્થા છે, જે ગેરકાયદેસર જાતિ, વંશ, વિકલાંગતા અને વયભેદ, આઇએલઓ (આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન) ૩ ભેદભાવ અને માનવ અધિકારોના ભંગ અંગેની ફરિયાદોની તપાસ કરે છે અને ઉકેલ લાવે છે.

## તમે અમને કયા વિષયોમાં ફરિયાદ કરી શકો છો

- ***જાતિય ભેદભાવમાં***, જાતીય સતામણી અને જાતિય ઓળખ, આંતરજાતિય સ્થિતિ, ગર્ભાવસ્થા, લગ્ન અથવા સંબંધની સ્થિતિ, સ્તનપાન, પારિવારિક જવાબદારીઓ અને જાતીય અભિગમને આધારે જાતીય સતામણી અને ભેદભાવનો સમાવેશ થાય છે.
- ***વિકલાંગતાના ભેદભાવમાં*** શારીરિક ક્ષમતા, બૌદ્ધિક સંવેદના, શૈક્ષણિક અને માનસિક વિકલાંગતા, વ્યાધિ અથવા રોગો, તબીબીરૂપે શારીરિક સ્થિતિ, કાર્ય સંબંધિત ઇજાઓ; ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની વિકલાંગતા; વિકલાંગતા સહાય; પશુઓની સહાય અને વિકલાંગ વ્યક્તિ સાથેના સંબંધને આધારે થતા ભેદભાવનો સમાવેશ થાય છે.
- ***વંશીય ભેદભાવ***માં વર્ણ, રંગ, વંશ, રાષ્ટ્રીય અથવા વંશીય મૂળ અને દેશાંતર દરજ્જાને આધારે થતા વંશીય નફરત અને ભેદભાવાનો સમાવેશ થાય છે.
- ***ઉંમરના ભેદભાવ***માં ખૂબ જ નાની ઉંમર અથવા વધારે ઉંમરનાં હોવાથી થતા ભેદભાવનો સમાવેશ થાય છે.
- ***આઇએલઓ (આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન) ૩ ભેદભાવ***માં ધર્મ, ફોજદારી નોંધ, મજૂરસંઘ પ્રવૃત્તિ, રાજકીય અભિપ્રાય અને સામાજિક મૂળના આધારે રોજગારીમાં થતા ભેદભાવનો સમાવેશ થાય છે.
- ***માનવ અધિકારો*** માં રાષ્ટ્રમંડળ દ્વારા અથવા તેમના વતી લેવામાં આવતા એવા પગલાં કે જેમાં, નાગરિક અને રાજકીય અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કારાર, બાળકોના અધિકારો પરનો કરાર અને વિકલાંગોના અધિકારો પરનો કરાર જેવા ચોક્કસ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સાધનોના ભંગનો આરોપ થતો હોય તેનો સમાવેશ થાય છે.

તમે ઓસ્ટ્રેલિયામાં ગમે ત્યાં રહેતા હોય તો પણ ફરિયાદ કરી શકો છો અને ફરિયાદ કરવામાં કોઇ ખર્ચ થતો નથી. ફરિયાદ પ્રક્રિયાના પગલમાં નીચે દર્શાવ્યા છે.

# પૂછપરછ કરો

- જો તમે કોઇ બાબત વિશે ફરિયાદ કરી શકો કે નહીં તે અંગે દ્વિધામાં હો, તો સંઘની રાષ્ટ્રીય માહિતી સેવાનો **૧૩૦૦ ૬૫૬ ૪૧૯** ફોન કરીને અથવા ઇમેલ infoservice@humanrights.gov.au કરીને સંપર્ક કરશો.
- આ પ્રક્રિયા શરૂ કરવા અમે તમને ફરિયાદનું ફારમ મોકલી શકીએ છીએ.
- જો અમે તમને મદદ કરી શકીએ તેમ ન હોય તો, અમે તમને જે મદદ કરી શકે તેની પાસે મોકલવાનો પ્રયાસ કરીશું.

# ફરિયાદ કરો

- ફરિયાદ લેખિતમાં જ હોવી જોઇએ. તમે ફરિયાદનું ફારમ ભરીને અમને ટપાલ અથવા ફેક્સ મારફતે પાછું મોકલી શકો છો અથવા અમારી વેબસાઇટ www.humanrights.gov.au પર જઇને તમે ઓનલાઇન ફરિયાદ પણ કરી શકો છો.
- તમે તમારી પસંદગીની ભાષામાં ફરિયાદ કરી શકો છો અને જો જરૂરી હોય તો અમે તમને ફરિયાદ લખવામાં મદદ કરી શકીએ છીએ.
- ફરિયાદ કરવા માટે તમારે વકિલની જરૂર નથી.
- જો અમે તમારી ફરિયાદ પર કામ કરી શકીએ તેમ ન હોય તો અમે તમને તેનું કારણ સમજાવીશું.

# તપાસ

- તમારી ફરિયાદની બાબતમાં વાત કરવા અમે તમારો સંપર્ક કરીશું અને અમે તમને વધુ માહિતી આપવાનું પણ કહીએ.
- સામાન્ય રીતે, સંઘ તમે જેના વિરુદ્ધ ફરિયાદ કરી રહ્યા છો તે વ્યક્તિ અથવા સંસ્થાનો સંપર્ક કરશે અને તેમને તમારી ફરિયાદની એક નકલ આપશે. અમે તેમને તમારી ફરિયાદનો પ્રતિભાવ આપવા અને/અથવા ચોક્કસ માહિતી આપવાનું કહી શકે છે.
- અમુક કિસ્સાઓમાં, અમે તમારી ફરિયાદ પર કામ ન કરવાનો નિર્ણયો લઇ શકીએ છીએ. જો આવું થશે તો અમે તેનું કારણ સમજાવીશું.
- અમે તમારી સાથે સમાધાન દ્વારા ફરિયાદને ઉકેલવાનો પ્રયાસ કરવા વિશે વાત કરી શકીએ.

## સમાધાન

- સમાધાનનો અર્થ કે અમે તમને અને તમે જે વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ ફરિયાદ કરો છો, તેમને જે તે બાબતમાં રસ્તો કાઢવામાં મદદ કરી શકીએ છીએ.
- 'કન્સીલીએશન કોન્ફરન્સ' કહેવાતી સમાધાન સભામાં મોઢામોઢ વાત કરીને અથવા ફોન પર વાત કરીને સમાધાન થઇ શકે છે. અમુક સંજોગોમાં, સમાધાનકર્તા સાથે ઇ-મેઇલ અને વાતચીતના આદાન-પ્રદાન દ્વારા ફરિયાદોનું નિરાકરણ આવી શકે છે.
- ફરિયાદોનું નિરાકરણ અલગઅલગ રીતે આવી શકે છે. ઉદાહરણ તરીકે, માફી દ્વારા, નીતિમાં ફેરફાર કરીને અથવા વળતર ચૂકવીને.

## શક્ય અદાલતી કાર્યવાહી – જાતિ, અપંગતા, વંશીય અને ઉંમરના ભેદભાવ

- ગેરકાયદેસર ભેદભાવ થયો છે કે નહીં તે નક્કી કરવાની સત્તા સંઘને નથી.
- જો તમારી ફરિયાદનું સમાધાન ન થાય અથવા અન્ય કોઇ કારણસર તેના પર કામ કરવાનું બંધ કરવામાં આવ્યું હોય તો, તમે તે બાબતને અદાલતમાં લઇ જઇ શકો છો. ગેરકાયદેસર ભેદભાવ થયો છે કે કેમ તે અદાલત નક્કી કરી શકે છે.
- સંઘ તમારી ફરિયાદ પર કામ કરવાનું બંધ કરી દે ત્યારથી, તમારી પાસે ઓસ્ટ્રેલિયાની ફેડરલ સર્કીટ કોર્ટ અથવા ફેડરલ કોર્ટમાં અરજી કરવા માટે ૬૦ દિવસ છે.
- સંઘ જે તે બાબતને તમારા માટે અદાલતમાં ના લઇ જઇ શકે અથવા તે તમારા વતી અદાલતમાં કેસ રજૂ ના શકે.
- જો તમે અદાલતમાં જવા માંગતા હોવ તો તમારે વકીલ અથવા કાનૂની સેવા સાથે વાત કરવાની જરૂર હોય શકે છે.

## નિર્ણય/અહેવાલ – આઇએલઓ ૩ ભેદભાવ અને માનવ અધિકારો

- જો ફરિયાદનું સમાધાન ન થાય અથવા અન્ય કારણસર બંધ કરવામાં ન આવે તો, સંઘ પ્રમુખ, આઇએલઓ ૩નો ભેદભાવ અથવા માનવ અધિકારનો ભંગ થયો છે કે નહીં તેનો નિર્ણય લઇ શકે છે.
- જો પ્રમુખને સંતોષ હોય કે ભેદભાવ અથવા માનવ અધિકારનો ભંગ થયો છે, તો પ્રમુખ આ બાબતની જાણ ફેડરલ એટર્ની-જનરલને કરી શકે છે. અહેવાલમાં પ્રમુખ જે તે વ્યક્તિને થયેલા

નુક્સાન અથવા ઇજાના વળતરની ભલામણ કરી શકે છે. આ અહેવાલ સંસદમાં રજૂ કરી શકાય છે.

- ભેદભાવ અને માનવ અધિકારો અંગે પ્રમુખના નિર્ણયોના ઉદાહરણો સંઘની વેબસાઇટ http://www.humanrights.gov.au/publications/reports-minister-under-ahrc-act પર ઉપલબ્ધ છે.

## હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

ઓસ્ટ્રેલિયાનાં માનવ અધિકાર સંઘના સંપર્કની માહિતી આ મુજબ છે:

**ફોન**
રાષ્ટ્રીય માહિતી સેવા: ૧૩૦૦ ૬૫૬ ૪૧૯
ટીટીવાય: ૧૮૦૦ ૬૨૦ ૨૪૧
એનઆરએસ ૧૩૩ ૬૭૭
ફેક્સ: (૦૨) ૯૨૮૪ ૯૬૧૧

જો તમારે દુભાષિયાની જરૂર હોય તો **૧૩૧ ૪૫૦** પર ફોન કરો અને ઓસ્ટ્રેલિયાના માનવ અધિકાર સંઘને જોડી આપવા કહેશો.

જો તમે બધિર છો અથવા શ્રવણશક્તિમાં ખામી છે તો તમે ૧૮૦૦ ૬૨૦ ૨૪૧ પર ટીટીવાય મારફતે અમારો સંપર્ક કરી શકો છો. જો તમે બધિર છો અથવા સાંભળવામાં કે બોલવામાં તકલીફ હોય તો તમે નેશનલ રિલે સર્વિસ (એનઆરએસ) મારફતે ૧૩૩ ૬૭૭ પર અમારો સંપર્ક કરી શકો છો. જો તમારે ઓસ્લાન દુભાષિયાની જરૂર હોય તો અમે તેની વ્યવસ્થા કરી શકીએ છીએ.

જો તમે નેત્રહીન છો અથવા દૃષ્ટિમાં ખામી હોય અને કહો તો અમે વૈકલ્પિક સ્વરૂપમાં માહિતીઓ પૂરી પાડી શકીએ છીએ.

### ટપાલ

GPO Box 5218
Sydney NSW 2001

### ઓનલાઇન
ઇ-મેઇલ: infoservice@humanrights.gov.au
વેબસાઇટ: www.humanrights.gov.au

તમે ઓનલાઇન ફરિયાદ નોંધાવી શકો છો તે માટે http://www.humanrights.gov.au/complaints/lodging-your-complaint પર જશો.

## સામાન્ય કાનૂની સલાહ

જો તમે ફરિયાદ કરવા વિશે વિચારી રહ્યા હોવ, તો કદાચ તમે કાનૂની સલાહ લેવાનું પણ વિચારો. સમુદાય કાનૂની સેવાઓ ઉપલબ્ધ છે જે ભેદભાવ અને સતામણી વિશે મફત સલાહ આપી શકે છે.

તમે કાનૂની સહાય સંસ્થાનો (https://www.nationallegalaid.org/for-individuals/) અથવા તમારા નજીકના સમુદાય કાનૂની કેન્દ્રનો (www.naclc.org.au/directory) સંપર્ક કરી શકો છો.

**અસ્વીકરણ: આ તથ્ય પત્રિકામાં આપેલ માહિતીઓ ફક્ત માર્ગદર્શન માટે જ છે. તે કાનૂની સલાહનો વિકલ્પ નથી.**